આ આરતીનો મોટો મહિમા જે કોઈ ગાશે; (૨)
મોતી પુષ્પ વધાવે, (૨) મનવાંછિત ફળ આપે–જય હર હર મહાદેવ
જય હરિહરા, જય હરિહરા, ગંગાધર ગિરિજાવર; (૨)
ઈશ્વર ૐકારા, જય હર હર મહાદેવ.

જય જય શંકર ભવાનીશંકર, હર હર શંકર તમ શરણું;
નમામિ શંકર ભવાનીશંકર, હર હર શંકર તમ શરણું;

## વિદ્યા ધરી વદનમાં વસજે વિધાતા
### સ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા
દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ આપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૧)

ભૂલો પડી ભવરણે ભટકું ભવાની
સૂઝે નહીં લગીરે કોઇ દિશા જવાની
ભાસે ભયંકર વળી મનમાં ઉતાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૨)

આ રંકને ઉગારવા નથી કોઈ આરો
જન્માંધ છું જનની હું ગ્રહી બાંય તારો
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૩)

મા કર્મ જન્મ કથની કરતાં વિચારૂં
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારૂં
કોને કહું કઠિન યુગ તણો બળાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૪)

હું કામ ક્રોધ મદ મોહ થકી બળાપો
આડંબરે અતિ ઘણો મદથી બકેલો
દોષો થકી દુષિત ના કરી માફ પાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૫)

રે રે ભવાની બહુ ભૂલ થઈ મારી
આ જીંદગી થઈ મને અતિશે અકારી
દોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૬)

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન કીધું
ના મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઈ કીધું
શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૭)

ખાલી ન કાંઇ સ્થળ છે વિણુ આપ ધારો
બ્રહ્માંડમાં અણુ અણુ મહી વાસ તારો
શકિત ન માપ ગણવા અગણિત માપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૮)

પાપે પ્રપંચ કરવા બધી વાતે પુરો
ખોટો ખરો ભગવતી પણ હું તમારો
જાડયાંધકાર દૂર કરી સદ્‌બુદ્ધિ આપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૯)

શીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે
તેના થકી વિવિધ તાપ ટળે ખચિત્તે
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૧૦)

શ્રી સદ્‌ગુરુ શરણમાં રહીને યજુ છું
રાત્રિ દિને ભગવતી તુજને ભજુ છું
સદ્‌ભકત સેવક તણા પરિતાપ કાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૧૧)

અંતર વિષે અધિક ઊર્મિ થતા ભવાની
ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાણી
સંસારના સકળ રોગ સમૂળ કાપો
મામપાહી ઓમ ભગવતી ભવદુઃખ કાપો (૧૨)